બોલતી મેના

—: અથવા —

પ્રખ્યાત ગાયનમાળા.



પ્રકાશક—ઠક્કર, હરિભાઈ અને ગોકળદાસ, મુંબઈ.

ઠેકાણું—સ્ટેશન રોડ—સુરત.

કીંમત ૦-૨-૦

તદ્દન નવા લોકપ્રિય ગાયનનો સંગ્રહ

બોલતી મેના

અથવા

પ્રખ્યાત ગાયનમાળા.

—છપાવી પ્રસિદ્ધ કરનાર—

ઠક્કર હરિલાલ જીવણલાલ

અને

માણુલાલ જીવણદાસ વજાણી

બુકશેલર્સ.

ઠે. સ્ટેશન રોડ, પોલીસ લાઇન્સ સામે, સુરત.

આવૃત્તિ ૨૭

સંવત ૧૯૭૯ કોપીરાઈટ. સને ૧૯૨૩

કીંમત બે આના.

આજેજ મંગાવો. [illegible] રાતી કોપીરાઈટ સંગ્રહેજ મગાવો.

— પાંચ સુંદર ચીત્રો સાથે —

જળ સમાધી -વા:- દેવી શારદા.

એક આદર્શ લલનાની હૃદયભેદક કથા "હરીગીત છંદમાં" પતી ભકતી એજ આર્ય લલનાનુ સર્વસ્વ છે, એ સિદ્ધાંત સચોટ રીતે દર્શાવનારી આ એક સામાજીક વાર્તા છે, કે જેમા એક પીતૃઘાતી પતી બીજી સ્ત્રીના મોહમા પડીને પોતાની સ્ત્રીને ખંજરથી ઘાયલ કરી મારી નાખે છે, અને છેવટે ઘણા યત્નો કરવા છતા પણ ઇચ્છિત વસ્તૂ પ્રાપ્ત ન થવાથી છેવટે દૈવ ઇચ્છાથી સજીવન થયેલ તેની પત્ની શારદા પાસે અંત:કરણ પૂર્વક ક્ષમા માગે છે, સ્ત્રીઓને ખાસ વાચવા લાયક છે આજેજ મંગાવો.

ગ્લેઝ કાગળ, આર્ટ પેપરનુ કવર, પૃષ્ઠ સંખ્યા ૮૬

કીં. ફકત આના આઠ. પોષ્ટેજ અલગ

મળવાનુ ઠે —

ઠક્કર હરિલાલ અને પ્રાણલાલ બુકશેલર્સ.

સ્ટેશન રોડ–સુરત.

આ બુક સુરત ખરાનપુરી ભાગળ ઉપર આવેલા શ્રી "જ્ઞાનવિક્ષ" પ્રિન્ટીંગ પ્રેસમા રઘુભાઈ લલ્લુભાઈ દેશાઇએ ઠક્કર હરિલાલ જીવણલાલ અને પ્રાણલાલ જીવણદાસ વખાણી, બુકશેલર્સ માટે છાપી અને તેઓએ સુરત સ્ટેશનરોડ પોલીસ લાઇન્સ સામેથી પ્રસિદ્ધ કરી.

બોલતી મેના.

બલીરાજા—

મારી સજની, તું ક્યાં રમીઆવી રજની, સાચુ બોલ, બોલ બોલ,
સાળુ સેવર, તું શીદને આળ ચડાવે, કેડો છોડ છોડ, છોડ?
હમણાં માળા ગુંથી હતીને, હમણાં કેમ કરમાણી,
પરસેવો તને ક્યાં વળ્યો, તારી ભમ્મર ક્યાં ભીંજાણી—સાચુ
કાળો ભમરો શીરપર બેઠો, ઉરાડતાં ગભરાણી,
લાપોટે લટ છુટી ગઈ—મારી, ભમ્મર ત્યાં ભીંજાણી.—કેડો
કસ્તુરી તારા અંગે મ્હોંકે, કુસુમ કળીના હારો,
નયન રેખા છે નાચી નવેલી, મળીયો કોણ ઠગારો—સાચુ.
ચંદ્ર સરોવર ન્હાવા ગઇતી, વાટે મળ્યો એક માળી,
છાબ ભરીને ગજરા આપ્યા, હું તો તમથી હારી—કેડો.

રાજ તિલક— રમુજી ગાયન.

ભભક બતાવી પ્યારી ગજબ કર્યો ત્હેં, સપડાવ્યો નટખટને,
મોહિની! મોહિની! મોહિની! વેચાવ્યા આ મરકટને—ભ૦
જે ઇશ્કમાં અંધા બની, પરનાર પર લલચાય છે,
નિશંક તે નિર્લજ્જ જનો, આ હાલમાં સપડાય છે,
પ્રથક ગુંક,' હુકહુક, બેટા ચાલ; હુકહુક!
સલામ કર સલામ છે, સલામ જી સલામ છે!
અંદરનો ભેદ ભાઈ જોઇ લેજો આમ છે,
મજરી...મજરી...મજરી...ના બગાડ મ્હારા વટને—ભ૦

રાજ તિલક—

બની મુબાઇની શેઠાણી, હું મોટરમા ફરૂ,
તુ પ્હેરે જો આ ખાદી, તો હુ કબુલ કરૂ.
બનુ પાટણની પટરાણી, રે હુ મોજ કરૂ—બની૦
ઘોડા ગાડીઓ મગાઉ, વાડી બગલા અપાઉં,
પણ ખાદી તો પ્હેરાઉ, તને મજરી
સાડી ફેશનેબલ લાવો, મ્હારૂ મનડું મનાઓ—
વળી એરોપ્લેન મગાઓ, આપી વરદી
ઉડે અદ્ધર સરરર રરરર ફરરરગ જાયરે હુ તેમાં ફરૂ—બની૦
પ્હેરો હોસે હોંસે ખાદી, પ્યારી એમા છે આબાદી,
મળે આઝાદી ને જાય ત્હારી શરદી,
પૂરો મ્હારા અભિલાષ, માનો મ્હારી ફરમાશ
મ્હારૂ, દિલડું બનાવી દીધું દરદી—
હૈ—યા—મા—નો ચરરર રગરર અરરર રરરર થાયરે હુ કેમ કરૂ—બની૦

અરૂણોદય—

દેખોરી એક બાલાજોગી, દ્વાર તેરે માઇ આયો હય,
વ્યાઘ્રામ્બર પીતામ્બર સોહે, ગલે નાગ લીપટાયો હય
ભીક્ષા લેકર આઇ નદરાની, શંકર શીશ ધુનાયો હય,
લેઓ ભીક્ષા જોગી જાઓ, આસનપે મેરો બાલ ડરાયો હય,
ના ચાહીયે તેરી દોલત દુનિયા, ના ચાહીયે તેરી કાચનમાયા—
અપને ગોપાલકો દર્શન પાઉં, મેરે ગુરૂને બતાયો હય,
લે બાલક આઇ નદરાની, અપને ગોદ બીઠાયો હય.
સેવા કરી ચરણામૃત લીનો, શૃંગીનાદ બજાયો હય.

અરૂણોદય— રસુજી-ગાયન

આલી આ તે શી બીમારી ! મદમા ભાન ભૂલાવનારી,
જાઓ જાઓ ના લજાઓ, બોલો બોલ શુ અવિચારી !
સાચુ બોલ કામણગારી, નયને કેફ ચડયો શો કારી !—
ઉરના ઉછાળા, અવનવા ચાળા, અધીરી બની તુ, બ્હાવરી બાળા
વાતવાતમા છણુક વસી, કયા ગઇ સરલતા તારી—
બેદરદીએ દરદ ન જાણે, પ્રેમની પીડા પ્રેમી પીછાણે,
સમઝાશે તમને, થતા—કોઇ રસીક પ્રીતમની પ્યારી

અરૂણોદય—
સ્વર્ગવાસી વીરલાનો, તમે સુણજો સદેશ,
અખીલ વિશ્વમાહિ, ઉજ્જવળ તમારો આદેશ,
ભૂલ્યા પાવનકર, પૂર્વજનો મગલ ઉદ્દેશ—
રામ કૃષ્ણના સતાન તમે કહાવો, વીર અર્જુનની યાદ કદીક લાવો,
બાણ શય્યાપર ભીષ્મે દીધેલા ઉપદેશ—
સ્વાતત્ર્યતણી ભાવના ખીલાવો, પરતત્રતાની બેડીઓ હઠાવો,
દેશ દેશને સુણાવો, (તમે) વિજયના સદેશ—

અરૂણોદય—
અણમોલ પળ વીતી જતી, અણબોલ કા ઉભા રહ્યા,
એ ધાણ શા આપુ હવે, વેચાણ દીલના થઇ ગયા;
નીશાનીઓ શાની આપુ હવે શ્યામ !
આપ પૂછો દીલને છો દીલના દીલારામ—
ભાવનાની ભક્તિ તમે સ્નેહથી સ્વીકારી,
પ્રીતિ પૂજારી તમે બાલા ઉપકારી,
આજે ઉદય થયો ભાણ-જીવનમા આજે ઉદય થયો ભાણ

ભર્તૃહરી— ગગ, સોંધાનો કનરો.

તારૂણી તુજથી નથીરે જુદાઇ, શશીવદની સુખ પામુ હું આહી,
વદન મનોહર તારૂ લલિતા, સૌરભ અંગ જધન સુખદાઈ, તારૂણી.
ભ્રકુટી વિક્રમ સ્મિત અતિ વિભ્રમ, નિરખી પ્રિયા ભૂલુ સરવેરે કાંઇ, તા
ત્રણુસોને સાઠ ત્યાગી તુજનેરે ચાહુ, તુજ વિણુ મુજ ક્ષણુ કલ્પ સમજાઈ. તા

ભર્તૃહરી— રાગ, આશાગોડી.

કામ છે દુષ્ટ વીકારી અહા પ્રભુ ! કામ છે દુષ્ટ વીકારી—
ઇંદ્ર સમાન પતિ અતિ સુંદર, અશ્વપાલથી છે યારી, અહા પ્રભુ કામ છે,–
ત્રણુસોને ત્યાગી એકનેજ ચાહે, તેના ચિત્તમાં છે જારી છીનાળી, અહા પ્રભુ–
ધીક બાઇ તુજને, ધીક તારી બુધ્ધિ, વિપરિત વાત વિચારી, અહા પ્રભુ–

ભર્તૃહરી— ભજન–રાગ, ઝીંઝોટી.

છોડદે અભિમાન, માન, અબ તો મનવા મેરા–છોડ
રાજપાટ સબ જુડે જાનો, કયું તુમ હોવત હેરાન,
નારી પ્યારી નહીં હે તેરી, મત કરના ગુમાન,—માન
જુઠી પ્રીત જગતકી દેખી, મત ભૂલે નાદાન,
બાહીર રંગ રૂપકું દેખી, મત હોના ગુલતાન,—માન
ચલ જંગલમે ભેખ ધરેંગે, તજી જગત તોફાન,
જગત સ્વપ્નસે જાગ્રત હોના, ગુરૂસે લેના જ્ઞાન—માન

ભર્તૃહરી—

હમ જાતે જંગલકે બીચ, જુઠી હે રાજકી જંજાળ,
સાધન અપના છોડકે, ઇધર મત હોના બેહાલ.
હૈ લખ લાનત ઓરતકુ, મત ગુમાના ઉસસે કાલ—હમ
બેહેતર હૈ ઓ દીલસેં, કભી હોવે ઝેરી ખ્યાલ,
અબ રાજ હમ નાહીં કરે, તુ રંજ અબ સંભાલ,—હમ.

ભર્તૃહરી— રાગ-લાવણી

ભરથરી બાતા વિચારીને તમે, કરો હુપરે કોપ,
વણુ અપરાધે, (૨) તમે વદો વચન આરોપ—ભરથરી
છો શીરછત્ર, (૨) નવ લોપુ નીતિ ધર્મ,
બંધુ પત્ની મંમ માત છે, કેમે કરૂ અવિહિતજ કર્મ—ભરથરી
કડુ વચન બાણુ, (૨) શીરપર મુકોમા કાપ,
આગળ વાત વિચારતાં, ભાઇ પામશો પશ્ચાતાપ—ભરથરી
પાડવમા ધર્મ, (૨) જેમ લક્ષ્મણને રઘુવીર,
કનક ભક્તિ તેમ માહરી, નવ જાણો બંધુ કથીર—ભરથરી
ગણુ આપ સેર, (૨) મુક્તિ દાતા મનમાય,
બ્રહ્મ રસ ભોગી ભ્રષ્ટ થઇ, કયમ તુચ્છ વિષયને ધાય—ભરથરી

ભર્તૃહરી— રાગ-લાવણી.

દેખા નહીં કછુ સાર જગતમેં, દેખા નહીં કછુ સાર,
મોહ બીસે મત લપટો પ્યારો, દેખા નહીં કછુ સાર.
ચૌદ ચોકડી રાજ મીલે પન, ત્રષ્ણાકા નહીં પાર,
ભોગ ભોગતે ઇંદ્ર અપસરા, તૃપ્તી નહિ લગાર (૨) જગત૦
જુઠા રંગ રૂપમે ભૂલી, ક્રીડા કરત ગમાર,
રૂપ વીર્ય બલ નાશ હુવા તબ, નહીં હે અપની નાર (૨) જગત૦
પ્યારી મેરી જાની પીંગલા, હુમ રહા એક તાર,
તોભી કીયા કૃતધ્ની રાની, અશ્વપાલકું યાર (૨) જગતમે૦
અલ્પ બખતકા ચેહી તમાશા, દુખ હે અપરંપાર,
બેશક ઇસકા ત્યાગ કરો તુમ. ફેર પસ્તાના યાર (૨) જગત૦
એહી ભરથરી નાર ભરૂસે, ભુલી હુવા ખુવાર,

એહી ભેખસે જગત શીખ હઉં, નવ હુઓ સંસાર;
નવ હુઓ સંસાર–જગતમે દેખા નહીં કછુ સાર.

ભતૃહરી— રાગ–મરશીયા.

હાય, કેમ આ સહેરી ઉજેની રડાવો, ધણી થઇ છે રાજાજી યાદ રાખો–ટેક.
બાણુ લક્ષ માળવાના છો સ્વામી, કામ કોડીલા રૂપે ન ખામી.
ગોર અંગે ભભુત શી જામીરે, હાય કેમ આ—
એક બાજુ કૃષ્ણા તમારી રૂએ, ચંદ્રકળા ચોધારા નીર ચુએ,
બાપુ સુખે ન આજ કોઇ સુએરે—હાય
મેહેલ મેહેલે વિલાપ છાયો છે, પવન શોકનો સઘળે વાયો છે,
કળકળતા બાઇઓને ભાઇઓ છે રે—હાય.
ખાંધે લટકી શી ભગવી ઝોળી, આવ્યા વસ્ત્ર કયા ગેરૂ ઝબોળી,
હાય હઇડામા પ્રગટાવી હોળીરે—હાય
નથી વિક્રમ ભાઇની કંઇ આશા, કીધા કરમે એવારે તમાશા,
એણે બીજાં જગલ કયાંઇ વાસ્યારે—હાય.
ધણી નોધારા અમને કરોમા, આવુ અણધાર્યું પગલુ ભરોમા;
જોગી જીવતા ચિતામા ધરોમાં રે—હાય.

ભતૃહરી— પીંગળા અને ભરથરી, નો સવાદ

ધીક યુવા ધીક યુજને, ધીક કામ વિકારજી,
જેણેરે ભુલાવી મને સત્યથી, કર્યા નીચ વિચારજી,
ભેખરે ઉતારો રાજા ભરથરી.

ક્ષમા કરોરે રાજા રંક છુ, નારી અજ્ઞાન જાતજી,
અન્ય વખત એવુ નહીં કરૂ, લાજ્યા માતને તાતજી;—ભેખરે.
કપટ રૂપીરે રાણી પીંગલા, એશુ બોલે વચનજી

રાજરે તજ્યું તુજ કારણે, જો વિચારીને મનજી;
ભિક્ષા દેને મૈયા પીંગલા....

તુંરે ખોટી ને ખોટુ રાજ છે, ખોટો સારો સંસારજી
અલખ જગાવુ વન એકલો, જેથી પામુ ઉદ્ધારજી—ભિક્ષા.
* રહોતો રાજા રસોઇ કરૂ, જમતા જાઓ સ્વામીનાથજી,
ક્ષીરરે નીપજાવું ક્ષણું એકમાં, જમીએ આપણ સાથજી.—ભેખરે
મઢીરે કરાવુ રંગ મહેલમા, રાખુ ગુપ્ત આવાસજી,
જેમરે જાણે નહિ જગતમાં, સાધો જોગ રહી પાસજી.—ભેખરે.
+ મહેલરે તારાને રાણી શુ કરૂ, કેવો ગુપ્ત આવાસજી,
ક્ષીરરે ભોજન તારૂ રાણી શુ કરૂ, નથી ભોગની આશજી—ભિક્ષા.
વાસી જંગલના જોગી અમે, નહી ગ્રામમા વાસજી,
વિષની વેલીથી અળગો રહુ, નહિ નારીનો પાસજી.—ભિક્ષા.
— ભગવા જોઇ રાજા ભરથરી, દાવાનળ દીલ થાયજી,
માઇ કહો ન મારા કંથજી, લાગે દેહમા લાયજી.—ભેખરે.
— વધુરે શુ વદું રાણી પીંગલા, કરૂ અરે કેટલો ઉચ્ચારજી.
બધુ જેવોરે બધુ તજ્યો, માર્યો વચનનો મારજી;
—હવેરે રાજને રાણી શું કરું !

+ વાકીરે વિધાતા મને ભુલવી, લખીયા લેખ લલાટજી,
આનુરે પ્રાયશ્ચિત હવે હુ શુ કરૂ, મારગ આપો પૃથ્વીમાતજી—ભેખરે.
ત્રણુશો નારીરે અન્ય આપની, માળવપતિ મહારાજજી,
એકને કારણે એને નવ તજો, પાપી પીંગળાને કાજજી—ભેખરે.
મોહ છોડી દે રાણી પીંગળા, પ્રીતે કર સતસંગજી,
સગુરે નથી કોઇ કોઇનુ, આ સંસાર પતંગજી.—ભિક્ષા.

દેતી હું તો દે મુને, નહિ તો કરૂ ગૃહ ત્યાગજી,
ગુરૂજી મારારે શેરી ચશે, ચાલી જાય જમાતજી—ભિક્ષા.

ભતૃહરી— (રાગ—જફાવો સીતમકુ સમજાનાર હું)

પિતાજી આ કોપ તમે શો કર્યો, જોગી વેષ બાપુ, શીદને ધર્યો,
મરી ગઇ છે માત, વળી જાઓ તાત,
પિતા ઓથ કોની છે, ઓરમાન માત,
ન બાપી કરી બાપુ જાશો નહીં,
પિતા પાછળ નહીં જીવુ હુ તો સહી,

૨૧' માંડલીક—

કરીયે ના વિશ્વાસ કાચા આચાનો કદી,
મૃગજળ કેરા મોહ, શા લાગ્યા તને માડલીક,
ચીરજીવી નથી તારી, અમર નથી કાયારે,
ઘડી બે ઘડી માટે, શુ બગાડે મતી?
બગાડે મતી તુ શાને, જુનાગઢ પતી—ઘડી
રૂપે રંગે શુ લોભાણો, ભરમે કરતા ભુલ,
રૂપે રૂડા રળીયામણા—પણ એ શીમળાના ફુલ—ઘડી.

૨૧' માંડલીક—

કોઇ કહેજો—જોગીડાને, જઇને હો રાજ,
. મધુવનમા ઝુરે તારી બાલા જોગણ.
વિરહ અગારે સળગે, આખુ નદન વન—મધુ૦
એની આખે શ્રાવણને, ભાદરવો ઝરે,
બાલા રસીયાના રાગે, એ રોતી ફરે,
વ્હાલા અંતરમા હોય તો, લ્હોજે લોચન—મધુ૦

૧૦૯-૬૯

શ્રી માંડલીક—

દિવ્ય દેશ આમ ઉજ્વળ કરવા, ક્યારે ઉગશે દિવ્ય પ્રભાત ! (૨)
અંધકારના વાદળ ભેદી, યદુકુળ મણી દીન મણીના ગુણશું બસી નાદ, (૨)
દેશ દેશની મધુરી મૈયા, દિવ્ય અમારી ભારતભૂમી,
સુર મુનીવર યુગ યુગ પોષાયા, જેનાં ચરણ સરોજ ચૂમિ,
એવી આમ જનની જગ વિખ્યાત, ભારત માત—દિવ્ય.

પુંડલીક—

હમણાં તો નથી નવરાસ ગુરૂરાજ, અમો ઘડપણમા ગોવીંદ ગાશુ,
મરણ પછીની વાતો કરો છો મોટી, ત્યારે હમણાં શુ પ્હેરવી લંગોટી,
વાત થાય જે ઉધારની તે ખોટી, કેમ શ્યામલાલ સાચુ...યાર . ઘડ૦
હજુ બાંધવા છે મારે કંઇક માળા, હજુ થાવું છે દશ વીશ મીલવાળા,
ઘર તાળાં કરી કુંકવા દીવાળા—કેમ શ્યામલાલ સાચુ ..યાર ઘડ૦
જ્યારે ચાલશે નહીં કાયા હમારી, ત્યારે સાભળીશુ કથા આ તમારી,
મળે નારી નહિ તો રહેજે બ્રહ્મચારી—કેમ શ્યામલાલ સાચું...યાર—ઘડ.

સ્વદેશ સેવા—

અલી આમ રીસાઇ એ, સમય નીહાળી નાવલીયાની સંગે.
પછી આવી મનાવે, ભિન્ન ભિન્ન ભાવે, છણકી મદનના જંગે,
વાહ વાહ સાભળ—(પછી)
વદન હસ્તુ કરી ચંચળ નયનો, મધુર શબ્દમરમાળા—
માન મહીં મરકાતા જાતાં, છણીએ શ્યામ રસાળા—(એમ હા)—અલી.
કરગરતા જો આવે કંથ તો, છલગ ભરીયે છેટી,
બહુ તાણતા તુટે (માટે) ભાવે જાઇએ ભેટી—અલી૦

સ્વદેશ સેવા—

અમે સહુ એક ઝાડની ડાળ,
નથી જુદાઇ અમે સહુ ભાઇ, એક માતના બાળ,
હિંદુસ્તાનછે દેશ અમારો, ભારતી માત અમારી,
નવ કરીએ તેને માટે આ, જાન અમારી પ્યારી—અમે૦
હિંદુ મુસલમાન, પારસી યાહુદી, ખ્રિસ્તી જાત અનેક,
જાત જુદી છો રહી અમારી, પણ અંતર છે એક—અમે૦

રાજા સભાજી—

રાજા તારા ડુંગરીઆ પર બોલે ઝીણા મોર,
મોર જો બોલે પપૈયા બોલે, કોયલ કરેરે કલશોર (૨).. રાજા.
આઝમ રાત વીજલડી ચમકે, છાઇ છટા શી ઘનઘોર (૩) .રાજા.
"કોકિલ કલરવ તું કરી, બળતીને નવ બાળ,"
"હું સુતી પિયુ વિરહમાં, હૈડે ઉઠે જ્વાળ"
બાઇ મીરા કહે પ્રભુ ગીરધર નાગર તુ મારા ચિતડાનો ચોર રાજા.

રાજા સભાજી—

નારી વેશે નાથ તમારા રૂડા રૂપ સોહાય,
રૂપ સોહાય જોતા લલના લજવાય નારી
લટકે મટકે જ્યાં ચાલો, નખરે જ્યા નયન નચાવો.
લચકે કમર લચકાઇ જાય હાય ... નારી
ગમા રંઢ આતે કેવી ? હઠમા શી લ્હાણુ લેવી ?
હઠથી હમેશા હાંસી થાય, થાય, થાય... ..નારી.

મીનળ-મુંજાલ—

અમર રહો અમ અમરપુરી સમ, નંદનવન વાડી, આ ગુજરાતની વાડી.
કૃષ્ણચંદ્રના બંસી નાદમાં, મીરા ગુર્જરી ડોલે,
જેના સંતાનો ઉચ્ચારો, વેદ મંત્રના બોલે,
દેવતરૂ ગુજરાત જગતનું, ભાન કરાવે બ્રહ્મકર્મનું,
જેના પાને પાને લખાયા, કર્મયોગના લેખ
'અહીંસા પરમોધર્મ' આપણું, જીવનસુત્ર છે એક-આ ગુજરાત

મીનળ-મુંજાલ—

અમારી ફુલવાડીમા રાજ રહો અતિથી અમારી તે ગણી તમારી—
અમારી ફુલવાડીમા દયાના ફુવારા
અમારી ફુલવાડીમા પ્રેમનાજ ક્યારા
રસવાળી, રસાળી, લલીત હું ફૂલવાળી—અમારી
અમારી ફુલવાડીનું મધુરૂ આ પંખી,
સ્વતંત્રતા નિર્દોષિતા, મૃદુતાનું સંગી
એના દોષને વિસરજો, તમ હૃદય સ્થાન દેજો એજ માગણી અમારી-અમારી.

મીનળ-મુંજાલ—

માન પાન દામ અને ખોટા દમામની, મોહિની ઉપર મન મોહ્યું,
હવેલી લેવામાં ગુજરાત ખોયું.
માન પાન દામથી આવ્યા પ્રકાશમા, છાપામાં નામ અમે જોયુ
જાણ્યા છતા તમે પડતા કુવામા, આતે તમારો મોહ કેવો,
મરફા વીના ન બોલાવે કોઈપણ, આ છે જમાનો એવો.
પરતંત્ર એવા થવાની જરૂર શી? કારણ દરબારમાં પ્હેલી છે ખુરશી
ધરીએ અમલ કરીએ હુકમ, દોડાવીએ ટમટમ,
બસ દમ, બસ દમ, બસ દમ, દમ, દમ, બસ દમ,
કપાળે આખ્ખોનું કાજળ લોપ્યું.—ડવેલી.

સંસાર નૌકા—

સ્નેહ ભીની તે કર્યો છે હાર, આ મૃગનયની સ્નેહને સ્વીકાર,
તું રઢીયાળી, રાધા પ્યારી, કાન' કુંવર હું કાળો,
તન સરીતામાં સ્નાન કરાવી, દેહ સફળ કર મારો.
ભાન સાન ભૂલી શું બેઠા, મતી ગઇ કયાં મારી,
ઉપદેશક થઇ આપ બનો છોઁ, આવા અત્યાચારી–
તપ બળ મારૂં અર્પણ તુજ પર, તન મન નાખું વારી,
શાંત હ્રદય મારૂં કરવાથી, મોક્ષ ગતી છે તારી
ધરમી થઇને અધર્મ કરતા ડર ઇશ્વરનો ધારો,
નર્કના કીડા ધુર્મના ભક્ષક, ધીક ધીક છે જન્મારો.

આંખડીઓનાં બંધન—

ઘેરા નયન નચાવત પ્રાણ, શ્યામલા તરલા,
શરમાળા કામણ કરનારા, ન્યારા એ નવલા.
લોહચુંબક પાન, ગુમાન મદવાલા—ઘેરા.
તીરછા તીરોનો માર, તૂટ્યા હ્રદયના તાર,
હિવડા વિંધી જાય કટાર, એ નેનોની અમીધાર, ઝીલો નેહથી રસીલા—ઘેરા.

આંખડીઓનાં બંધન—

પ્રીતિરસ જ્યાં ઉભરાય, ને અકળાય અલબેલી,
મધુરા શા નેન નચાવી, હું ભોળીને ભરમાવી.
પરવશ તે કંઇ ધી કાય, જો તલસાય રસવેલી,
નચાવે, મને બાંધી, હવે શરમાવે,
રસનાં ઝરણાં રસરાજ અજબ ઉભરાવે,
ઉર ધડક ધડક થતી થાય, મન મુંઝાય થઇ ઘેલી.

આબજોના બ'ધન—

મીઠી મીઠી મુરલી, વ્હાલી એ મુરલી, પ્યારો કનૈયો બજાવે !
મીઠી મીઠી શી વાતો સુણાવે ! ગોરી મહીયારી નૈયા નચાવે !
દિલ શાને કુમારા હલાવે ? હૈયા રસીલા છુપાવે—મીઠી
હું તો અજાણુ, હમારો કહાન, ફસાણી, અજાણી, દીવાની,
મવાણી, અમારી જુવાની, પ્યારી પ્યારી બતિયા, છલકાતી છતિયા,
લુચ્ચો બનાવે મનાવે, પટાવે, બસી બજાવી ભુલાવે—મીઠી.

ભાગ્યોદય—

મૂવા લોકો જાને દહાડે દાડે અનાડી,
જૂએ નફ્ફટ થઈ આંખ કરી ફાડી—મૂવા.
હોય વરસ બારનો, કે સાઠના સુમારનો,
હોય જણ્યો મોચી, હજામ કે કુંભારનો—મૂવા.
મૂછના ઓંખારથી, આંખના ચમકારથી,
સાન કરી બોલાવે શ્વાન જેવા પ્યારથી. ધીમેથી ખેંચતા સાડી—મૂવા.

ભાગ્યોદય—

મને વરવાની આશમા, જોને વર પેલા સલામો ભરી રહ્યા-મને.
જોબનનો નવરંગ ચડ્યો. તને અંગઅંગે સખી,
ખીલ્યુ અનુપમ રૂપ મનોહર—પેલા સલામો.
મીઠા સુણાવે ગીત ફાગણુ જો પ્રેમનાં, શૃંગારો મોકલે વસંત આ.
બને રસીકવર આઈ મળ્યા તને. બોલે હા કંઈને ?
વરને વસંતને ? બોલાવશે તને—પેલા સલામો.
લુચ્ચો પવન મારે અંગે લપટાય છે, ભમરો આ કંઈક કહી જાય છે.
ગાંડા બન્યા છે ભેગ તારી મિઠાશમા, રસના ઉલ્લાસમાં,
આકુના પાશમાં, બેઠે વિલાસમાં-પેલા સલામો.

ભાગ્યોદય—

ઓચીંતા કુસુમ બાજુ મારી એ પ્યારી, રંગીલો કહાન કયા ગયો ?
મીઠા બોલ બોલી ફસાવી છબીલો કાન કયા ગયો? હું હુંડુ અકેલી મનમા,
અરે હા, છુપાયો કયા લાડીલો ?—ઓચીંતા
મટુકી લઇ હુતો મહતી મહી વેચવાને, લુટી લીધી નંદલાલે,
ભુલેલી ફસેલી, થૈ ઘેની છબેલી, બતાવો રસીલો કયા લાડીલો ?—ઓચીંતા

એ'માં શું ?—

છે સમજ સમય બળવાન, ફેરવે ફેશનનું એ સુકાન—છે
કસકસતી કંચુકીની તો, પ્રમદાએ કરી લુસ બાંય,
પારસી જેવા પોલકા, ત્યા તો આ'વ્યા ફેશનમાય
ટકાઉ રેશમી સાડી સુન્દર, બોયકોટ થઇ ત્યાય,
સીફ્રોન ને એ સ્થાન મળ્યું, જેથી સર્વાંગ દેખાય.
અખંડ કેશકલાપ ચિન્હ, સૌભાગ્યવતિનું ગણાય,
આજે બાલ કપાળ ઉપરના, સેલુન માહી કપાય
પવન તેવી પુંઠે નહિ કંઇ હાણુ—ફેરવે૦

સમાપ્ત.

તદન નવા બહાર પડેલાં પુસ્તકો.

જળસમાધી વા દેવી શારદા.

પાંચ ચીત્રોઃ ગલેઝ કાગળ લગભગ ૧૦૦ પૃષ્ટ

શ્રી કૃષ્ણ ભજન સાગર.

સચીત્ર રંગીન કવર, ગ્લેઝ કાગળ, લગભગ ૭૫ પ્રષ્ટ.

ખ્યાલ સાગર ભા. ૧—૨. જુદાં

કલગી તુરરાના જાણીતા ખ્યાલોનો મોટો સંગ્રહ

પૃષ્ટ લગભગ ૭૫×૭૫

રાજર્ષિ ભર્તૃહરી.

હરિગીત છંદમા, સચીત્ર નવલકથા ચાર ચિત્રો સાથે

પૃષ્ટ લગભગ ૬૦

હરેકની કીંમત ફક્ત આઠ આના

પોષ્ટેજ અલગ લખો -

ઠક્કર, હરિલાલ અને પ્રાણુલાલ બુકશેલર્સ

ઠેકાણું —સ્ટેશનરોડ સુરત.

નોટ —વેપારીઓ તથા ફેરીયાઓને મ્હોટો લાભ એકવાર ઓર્ડર આપી ખાત્રી કરો વધુ માટે પત્રવ્યવહાર કરો—લખો—ઉપલે સરનામે

સુરત બરાનપુરી ભાગળ ઉપર આવેલા શ્રી અનાવિલ પ્રિન્ટીંગ પ્રેસમા ગઘુભાઇ લલ્લુભાઇ દેસાઇએ છાપ્યુ